## સર્ગ તેરમો

# મનોમય આત્મામાં

### વસ્તુનિર્દેશ

રાજાની યાત્રા એને એક ઉદાસીન આકાશમાં લાવી. મૌન ત્યાં વિશ્વના સૂરોને કાન દઈ સુણતું હતું, પણ આવતા કોટિ કોટિ સાદોને કશો ઉત્તર આપતું નહીં, અંતહીન પ્રશ્નને પ્રત્યુત્તર મળતો નહીં. ભુવનોની આરોહતી પરંપરાનો અહીં અંત આવી ગયો. જીવન જેના વિરાટ વિસ્તારોમાં એક ખૂણે પડેલું હતું એવા મનોમય આત્મા સાથે અશ્વપતિ એકલો ઊભો. દ્વન્દ્વોથી પર ને સર્વ પ્રતિ એકસમાન એ આત્મા કશાથીય વિચલિત થતો નહીં. એ હતો સર્વના કારણરૂપ અને એકલ સાક્ષી દ્રષ્ટા. પ્રકૃતિની સઘળી ક્રિયાઓ ને પ્રક્રિયાઓને એ તટસ્થતાથી જોતો, એનાં અનંત રૂપોનો સ્વામી અને અનુમંતા હોવા છતાં પોતે કશું જ કરતો નહીં. પ્રભુની અકાળ નિઃશબ્દતામાં દ્રષ્ટા આત્માનો -પુરુષનો પ્રભાવશાળી પ્રકૃતિની સાથે યોગ થતો ને એ બેના સંયોગમાંથી સારી સૃષ્ટિ સમુદ્ભવતી.

આ મનોમય પુરુષની ભૂમિકામાં અશ્વપતિ સ્થિત થયો. ત્યાંની સત્-તા અને ત્યાંનું મૌન તેનાં બન્યાં. એના જીવને શાંતિ મળી, એને વિશ્વસમસ્તનું જ્ઞાન થયું. પણ ગોચર સર્વ વસ્તુઓને સ્પર્શતી એક કિરણાંગુલિએ રાજાના માનસને બતાવ્યું કે એ કશું જ જાણવાને સમર્થ નથી. જેમાંથી સર્વ જ્ઞાન આવે છે ત્યાં તેણે પહોંચવું જોઈએ. મન અને મનનાં કરણો ગમે તેટલાં ઉદાત્ત બને તોપણ તેમને જ્ઞાન પ્રાપ્ત થતું નથી. મનનાં સાધનો કાળની બેન્ક પરના બનાવટી ચેક જેવાં છે, સત્યના ખજાનામાં એ મૂલ્ય વિનાનાં છે. મન માત્ર હવાઈ રચનાઓ ઊભી કરે છે, કરોળિયાની જાળ જેવી તર્ક-જાળ બનાવે છે ને ઇન્દ્રિયોપભોગ માટે ક્ષુદ્ર જીવજંતુઓને એમાં સપડાવે છે.

આપણું મન ભૂતકાળનાં ભૂતોથી ભૂતિયું બનેલું ઘર છે. સત્ત્વને ને જીવનને વેડફી મારનાર કાર્યાલય છે, અજ્ઞાનનો રંગમંચ છે. બુદ્ધિ માત્ર બાંધકામ કરે છે ને શબ્દજાળમાં જીવને ઝાલે છે. દ્રષ્ટા અને સ્રષ્ટા મન એક

પ્રતિનિધિ છે, પણ આ પ્રતિનિધિ પાસે માત્ર અર્ધદૃષ્ટિ છે. એ છે કેવળ એક પ્રતીક, પ્રભુનો જીવંત પિંડ નથી, મનની આંખે મનોમય પુરુષ સુદ્ધાં અજ્ઞેયની આછી છાયાનો આભાસ છે. એની મુક્ત ને નિશ્ચલ શાંતિ કાળ સર્જી વસ્તુઓથી નિવૃત્ત થઈને અળગી રહે છે, એને સનાતનનું આત્મદર્શન નથી, એનામાં ઊંડી શાંતિ છે પણ ત્યાં અનામી શક્તિનો અભાવ છે. પોતાનાં બાળકોને ગોદમાં રાખતી ને સારા જગતને લઈને હૈયે ચાંપતી આપણી મહામાતા ત્યાં નથી. સૃષ્ટિના સ્વભાવના વાણાતાણામાં રહેલું મહાસુખ ત્યાં નથી, નથી ભાવની સઘનતા, નથી ત્યાં પ્રેમનું હૃદય. મનોમય કરતાં મહત્તર આત્માએ આપણી ખોજને ઉત્તર આપવાનો છે.

રાજાએ ઉપર દૃષ્ટિ કરી તો ત્યાં બધું ખાલી ને નિઃસ્પંદ દેખાયું– સૂક્ષ્મભાવી વિચારનું માત્ર નીલાકાશ. વિચાર ત્યાં અરૂપ આકાશમાં પલાયન કરી જતો. એણે નીચે જોયું તો ત્યાં બધું અંધકારમય અને અવાક્ પડયું હતું. આ બન્નેની વચગાળમાં ચિંતનનો ને પ્રાર્થનાનો પોકાર સંભળાતો હતો; સંઘર્ષ અને અશ્રાંત પરિશ્રમ ત્યાં ચાલતો હતો. અજ્ઞાનના કાંઠાઓ વચ્ચે જીવનનો મહાસાગર ઊછળી રહ્યો હતો. સત્ત્વો, શક્તિઓ, આકારો અને વિચારો ત્યાં તરંગાયમાણ થતા હતા. ત્યાં હતાં વિશ્વોને જન્મ આપનાર શૂન્યાકારતા સર્જક મૃત્યુ, ને નિગૂઢ રિક્તતા. પ્રશ્નોને જવાબ આપવાનો ત્યાંથી ઇનકાર આવતો હતો. અધઃપ્રદેશે હતું અચિત્, મૂક ને અનિશ્ચિત પ્રકારનું.

અંધકારનાં ને પ્રકાશનાં બે આકાશો આત્માની ગતિ અવરોધતાં હતાં. જીવની ત્યાં જીવનયાત્રા ચાલતી. ત્યાં જીવવા માટે મરવાનું ને મરવા માટે જીવવાનું આવશ્યક હતું. વિચારનાં ચક્કરોમાં બધાં ભમતાં ને પાછાં જ્યાંનાં ત્યાં આવી ઊભાં રહેતાં. જીવન ત્યાં બંધનરૂપ હતું, નિર્વાણમાં લીન થઈ જવું એ જ એક છુટકારો હતો.

**આવ્યું નગ્ન ઉદાસીન એક અંબર આખરે,**
**મૌન જ્યાં વિશ્વનો નાદ ધ્યાનથી સુણતું હતું**
**કિંતુ કોટિક સાદોને કશોયે ના ઉત્તર આપતું હતું;**
**જવાબ મળતો ના કો જીવકેરા અંતવિહીન પ્રશ્નને.**
**આવ્યો ઉત્સુક આશાઓતણો અંત ઓચિંતાની સમાપ્તિએ,**

વિરામ એક ઊંડેરો પ્રચંડ સ્થિરતામહીં,
પંક્તિ એક 'ઇતિશ્રી'ની છેલ્લે પાને વિચારના,
હાંસિયો ને જગા ખાલી શબ્દવર્જિત શાંતિની.
શ્રેણી ક્રમિક ત્યાં થંભી ચઢતા ભુવનોતણી.
વિશાળી વક્રરેખે ત્યાં ઊભો રાજા ટોચના અવકાશની,
એકલો સુબૃહત્ એક આત્મા સાથે મનોમય
જે પોતાનાં વિરાટોને એક ખૂણે સર્વજીવન ધારતો.
સર્વસમર્થ, નિશ્ચેષ્ટ, અળગો ને અલાયદો
પોતામાંથી ઉદ્ભવ્યું 'તું જગત્, તેમાં ભાગ લેતો હતો ન કોઃ
વિજયસ્તોત્રગાનોની પ્રત્યે લક્ષ્ય ન આપતો,
પરાજયોતણી પ્રત્યે પોતાના એ ઉદાસીન બન્યો હતો,
સુણતો દુઃખ-પોકારો તો ય ચિહ્ન ન કશું બતલાવતો,
શુભાશુભ પરે એની સમદૃષ્ટિ થતી હતી,
વિનાશ આવતો જોતો પણ પોતે હાલતોચાલતો નહીં.
નિમિત્ત વસ્તુઓકેરું સમભાવ, દ્રષ્ટા કેવળ એકલો,
સ્વામી રૂપસમૂહોનો પોતાકેરાં, પોતે પ્રવૃત્ત ના થતો
પરંતુ સૌ વિચારો ને કર્મોકેરો નિર્વાહ કરતો હતો,
સાક્ષી પ્રભુ પ્રકૃતિનાં કોટાનુકોટિ કાર્યનો
એની શક્તિતણી ચાલ-ચેષ્ટાઓને અનુમોદન આપતો.
આ નૈષ્કર્મ્ય મહાકાય રાજાના મનની મહીં
પ્રતિબિંબન પામતું.
આ સાક્ષી ચુપકીદી છે મનીષીનું છૂપું મથક મોખનુંઃ
નીરવ ગહનો મધ્યે છુપાયેલા શબ્દની રચના થતી,
અવાજોએ ભર્યા ચિત્તે ને જગે શ્રમમાં લગ્યા
ગુપ્ત નીરવતાઓથી કર્મનો જન્મ થાય છે;
ચૈત્યાત્માના જન્મકેરું નિગૂઢ સ્થાન મૌન, તે
ગુપ્તતામાં લપેટેલું રાખે બીજ બોતો જેને સનાતન.
પ્રભુના પરમોદાત્ત સંકેલેલા અકાળ સૂનકારમાં
દૃષ્ટિસંપન્ન આત્માનો ને સમર્થ શક્તિનો યોગ છે થયો;
મૌને સ્વરૂપને જાણ્યું ને વિચાર રૂપબદ્ધ બની ગયોઃ

શક્તિદ્વયથકી સૃષ્ટિ સ્વયંભૂ છે સમુદ્‌ભવી.
નિઃસ્પંદ આત્મમાં રાજા નિવાસ કરતો હતો
અને એની મહીં નિઃસ્પંદ આત્મ એ;
એના અવાક અસ્માર્ત ઊંડાણો ધ્યાન આપતાં,
એનું વૈશાલ્ય ને સ્પંદહીનતા એ બની એનાં ગયાં હતાં;
એકાત્મભાવમાં એની સાથે આપ વિશાળ ને
શક્તિશાળી અને મુક્ત બની ગયો.
પોતાની કલ્પનાકેરાં જેમ કોઈ દૃશ્યોની રચના કરે
અને તલ્લીન ના થાય પોતાનાં દર્શનોમહીં,
પણ પ્રેક્ષકને રૂપે જુએ જાતે કલ્પી કાઢેલ નાટ્યને
તેમ અશ્વપતિયે પ્રેક્ષતો હતો
જગને ને નિરીક્ષંતો હતો એના પ્રવર્તક વિચારને
જેમની આંખમાં ભાર હતો જ્યોતિર્મયી ભવિષ્યવાણીનો,
પોતાના ચૈત્ય આત્માની મૂકતાથી સમુદ્‌ભવ્યાં
વાયુ-વહ્નિ-પદી તેનાં બળોને અવલોકતો.
બધું સમજતો 'તો એ ને બધું જાણતો હતો
હવે એવું જણાઈ આવતું હતું;
આવતી ન હતી ઈચ્છા, ને સંકલ્પે આવેગ આવતો ન 'તો,
મોટો ગવેષણાકાર હતો વ્યગ્ર ને બેકાર બન્યો હતો;
કશાની માગણી ન્હોતી, કશાનીયે ન આવશ્યકતા હતી.
રહી એ શકતો 'તો ત્યાં આત્મા રૂપે, પ્રાપ્ત મૌન થયું હતું:
એને જીવે હતી શાંતિ, જ્ઞાન એને વૈશ્વ અખિલનું હતું.
પછીથી દૃષ્ટ યા સ્પૃષ્ટ, શ્રુત યા તો સંવેદિત થયેલ સૌ
વસ્તુઓ પર વિદ્યોતી ઓચિંતી આંગળી પડી
ને એના મનને તેણે બતાવ્યું કે ન કશું શક્ય જાણવું;
જ્યાંથી સૌ જ્ઞાન આવે છે તેને એક કરવું પ્રાપ્ત જોઈએ.
આભાસતું બધું તોડીફોડી નાંખ્યું સંદેહાત્મક રશ્મિએ
ને કર્યો ઘા છેક મૂળો પર ચિંતનનાં અને
ઈન્દ્રિયોદ્‌ભૂત જ્ઞાનનાં.
અજ્ઞાનને જગે તેઓ વૃદ્ધિંગત થયેલ છે

પારના સૂર્યને માટે અભીપ્સાઓ નિષેવતાં
રમતાં અજવાળે ને વરસાદે વધારે દિવ્ય વ્યોમના,
તે ગમે તેટલે ઊંચે જાય તો ય કદી ના મેળવી શકે,
યા ગમે તેટલી સૂક્ષ્મ કરે તેઓ ગવેષણા
તો ય પાર પહોંચી શકતાં નથી.
વિચાર-સાધનોને યે શંકા ખાઈ જતી હતી,
પ્રક્ષેપાયો અવિશ્વાસ મનનાં કરણો પરે;
મન જેને ગણે સિક્કો સત્યતાનો પ્રકાશતો
તે સાબિત થયું તથ્ય, તર્ક પાકો, ચોખ્ખું યા અનુમાન કો,
દૃઢ સિદ્ધાંત ને અર્થ ખાતરીબંધ, કાળની
શરાફી બૅન્કની પરે,
હતી કપટબાજીઓ, અથવા તો ખજાનામાંહ્ય સત્યના
મૂલ્ય જેવું નથી કાંઈ એવી માલમતા જમા.
અજ્ઞાન એક બેઠેલું હતું બેચેન ગાદીએ,
રાજસત્તા એની આપાતિકા હતી;
સંદેહાત્મક શબ્દોમાં પ્રકાશંતાં તો ય પર્યાપ્ત જે નથી
એવું જરી-ઝગારાઓ મારનારાં રૂપોમાંહ્ય વિચારનાં
કરતું એ હતું જ્ઞાન-મૂર્ત્તિકેરી વિડંબના.
અંધારે કરતું કામ, અર્ધ-જોતે અંજાઈ એ જતું હતું,
તૂટેલી આરસીમાંહે પડેલા પ્રતિબિંબને
માત્ર એ જાણતું હતું,
એ જે જોતું હતું તેહ સાચી વસ્તુ હતી છતાં
દૃષ્ટિ એની ખરી ન 'તી.
એના વિશાળ ભંડારે ભર્યા 'તા ભાવ તે બધા
ક્ષણના વાદળાકેરા જપના ધ્વનિ શા હતા,
વાદળું જે
ધ્વનિમાં જ થતું પૂરું ને નિશાની એકે મૂકી જતું નહીં.
ગૃહ પ્રલંબતું એક અનિશ્ચિત હવામહીં,
યુક્તિબદ્ધા જાળ ઝીણી જેની આસપાસ એની થતી ગતિ,
વિશ્વવૃક્ષ પરે થોડી વાર માટે રચાયલી,

ને પાછી જેહ સંકેલી લેવાતી નિજની મહીં,
ફંદો માત્ર હતો એ જ્યાં ઝલાતાં જીવજંતુઓ
ભોજ્ય જીવનશક્તિનું,
ક્ષણિક જ્યોતિમાં પાંખો પેલવ પપલાવતાં
વિચારોનાં પતંગિયાં
મરી જાતાં ઝલાતાંમાં એક વાર મનનાં દૃઢ રૂપમાં
વામણાં લક્ષ્ય નાના જે પરિમાણે માનવી મનના ઘણો
મોટો આભાસ આપતાં,
ટમકારા કલ્પનાના ઝળકંતા જાળિયાળા વણાટના
ને હવે જીવતી ના જે
એવી ધર્મશ્રદ્ધાઓના, બાવાંએ લપટાયલી.
જાદૂઈ ઝૂંપડી ઊભી કરેલી નિશ્ચયોતણી
જેની બનાવટે ધૂળ ચમકીલી અને ઉજ્જ્વલ ચંદ્રિકા
સામગ્રીરૂપમાં હતાં,
ને જેમાં પધરાવી 'તી એણે સ્વીય પ્રતિમા સત્યરૂપની,
તે થઈ ભોંયભેગી ને
જે અજ્ઞાનથકી પોતે ઉદ્ભવી 'તી તેમાં પાછી મળી ગઈ.
પ્રતીકાત્મક તથ્યોની ઝીણી માત્ર જોત એક રહી હતી,
આ તથ્યો નિજ આભામાં સંતાયેલા રહસ્યને
પિછોડીમાં છુપાવતાં,
ને તેમના વડે રે 'તાં જીવતાં જે જૂઠાણાં તે
પર ચાદર નાખતાં,
ને જ્યાં સુધી ખરી તેઓ પડતાં નહિ કાળથી
ત્યાં સુધી આમ ચાલતું.
હણાયેલા ભૂતકાળતણા ભૂતે ભરાયલું
ઘર છે મન આપણું,
ભાવો જ્યાં રૂપ લે શીઘ્ર સાચવીને રાખેલાં મડદાંતણું,
જીર્ણ ભૂતોતણી ભૂતાવળો જહીં,
ને સ્વાભાવિકતાઓ જ્યાં પ્રભુકેરી બાંધેલી રૂઢ દોરથી
પૅકબંધ કરી ખાને રખાય છે
સાફ સોજા દફતરે તર્ક-બુદ્ધિના,

દફનાવાય જ્યાં મોટી ગુમાવેલી તકો તે ઘોર રૂપ એ,
જીવ ને જિંદગીકેરો જ્યાં ખોટો ખર્ચ થાય છે
તેવી ઑફિસના સમું,
સ્વર્ગની બક્ષિસોકેરો માનવીએ કર્યો હોય બિગાડ, ને
નિધિ પ્રકૃતિકેરા જ્યાં વેડફાઈ ગયેલા હોય તે બધું,
રંગમંચ અવિદ્યાના નાટકાર્થે પ્રહાસના.
લાગતું જગ કો લાંબા કલ્પોકેરા નૈષ્ફલ્ય-દૃશ્યના સમુંઃ
બધું વંધ્ય બન્યું 'તું ને પાયો એકે સલામત રહ્યો ન 'તો.
આક્ષેપ કરતી જ્યોતિ-અસિનો હુમલો થતાં
આત્મવિશ્વાસ ખોયો 'તો રચનાકાર બુદ્ધિએ
શબ્દની જાળમાં બંદી જીવને જે બનાવતો
તે વિચારતણી સફળ યુક્તિમાં
અને એના વળાંકમાં.
જ્ઞાન સર્વોચ્ચ એનું તે હતું માત્ર અનુમાન પ્રકાશતું
વિશ્વોનું જબરું એનું હતું ઊભું કીધું વિજ્ઞાન જેહ તે
પસાર થઈ જાનારી હતી જ્યોતિ તલો ઉપર સત્ત્વનાં.
ઇન્દ્રિયાલેખિતા રૂપરેખા સિવાયનું કશું
બીજું તહીં હતું નહીં,
સનાતન રહસ્યોનું સ્થાન લેનાર એ હતું,
સત્યતાનું હતું રૂપ લિસોટાએ રચાયલું,
શબ્દરૂપી શિલ્પકારે કરેલી એક યોજના,
સ્થાન ઊંચું રચેલ કો,
લદાયેલું આભાસો પર કાળના.
સચરાચરનો આત્મા શંકાની છાયમાં હતો;
વિશ્વવ્યાપી શૂન્યતાના ખુલ્લા એક તળાવમાં
પ્લવતા પદ્મના પર્ણ સમ પ્રાયઃ સંસાર લાગતો હતો.
મહાન મન આ દ્રષ્ટા અને સ્રષ્ટા, માત્ર કો અર્ધ-દૃષ્ટિનું
હતું પ્રતિનિધિ બન્યું,
હતું નંખાયલો એક પડદો એ જીવ ને જ્યોતિની વચે,
હતું મૂર્ત્તિ, ન જીવંત શરીર જગદીશનું.
નિઃસ્પંદ આત્મ સુદ્ધાં જે હતો કાર્યો પોતાનાં અવલોકતો

તે ય અજ્ઞેયના ઝાંખા મુખભાગ જેવો કૈં લાગતો હતો;
સાક્ષી આત્મા વિશાળો તે છાય શો લાગતો હતો,
કાળ-નિર્મી વસ્તુઓથી આત્માકેરું ખાલી પાછા પડી જવું
એ જ એની હતી મુક્તિ અને એની શાંતિ નિષ્ક્રિયતાભરી,
એ સનાતનતાકેરું આત્મ-દર્શન ના હતું.
હતી ત્યાં ગહના શાંતિ, કિંતુ નામહીન શક્તિ હતી ન ત્યાંઃ
પોતાને હૃદયે ભેગાં કરે છે જે જીવનો નિજ બાળનાં
તે મહાબળ ને મીઠી આપણી મા હતી ન ત્યાં,
અનંતના મહાહર્ષકેરી અગાધતામહીં
વિશ્વને લઈ જાનારો ન 'તો એનો આશ્લેષ બાહુઓતણો,
સ્વભાવ સૃષ્ટિનો છે જે વૈભવી તે મહાસુખ હતું ન ત્યાં,
યા ન 'તો શુભ્રતાયુક્ત ભાવોદ્રેક પ્રભુની સંમુદાતણો,
પ્રેમકેરા અમર્યાદ હૈયાની જે મહાજ્વાળામહીં હસે.
જે મનોમય જે આત્મા તેનાથી કો મહત્તર
આત્માએ આપવાનો છે
રાજા અશ્વપતિકેરા ચૈત્યાત્માના પ્રશ્નને પ્રતિ-ઉત્તર.
કેમ કે હ્યાં ન 'તી એકે પાકી ચાવી ઉકેલની
અને માર્ગ ખાતરીબંધ કો ન 'તો;
ઊંચે આરોહતા અધ્વ અજ્ઞાતે શમતા હતા;
એક દૃષ્ટિ કલાકાર પારકેરી રચના કરતી હતી
વિપરીત નમૂનાઓ ને સંઘર્ષ કરતા રંગ રૂપમાં;
ખંડિત કરતી અંશ-અનુભૂતિ આખા એક અખંડને.
રાજાએ ઊર્ધ્વની પ્રત્યે કરી દૃષ્ટિ પરંતુ ત્યાં
સર્વ કાંઈ હતું ખાલી અને નિઃસ્પંદતાભર્યું;
નિરાકારા રિક્તતામાં સૂક્ષ્મભાવી વિચારનું
વ્યોમ નીલમ શું નીલ સરી સટકતું હતું.
નીચે એણે કરી દૃષ્ટિ, કિંતુ સર્વ કાળું ને મૂક ત્યાં હતું.
અવાજ, વચગાળામાં, પડયો કાને પ્રાર્થના ને વિચારનો,
સંઘર્ષનો અને અંત કે વિરામ વિનાના શ્રમકાર્યનો;
વ્યર્થ અજ્ઞાન લિપ્સાએ ઉઠાવ્યો સૂર આપનો.
કોલાહલ અને આંદોલન એક અને પોકાર એક ત્યાં,

ફેણાતો પુંજ ને સંખ્યાતીત ચીત્કાર ઊઠતા,
તે રેલાતા હતા ચાલુ જિંદગીની મહાસાગર ઊર્મિએ
મર્ત્ય અજ્ઞાનના એક કાંઠાથી અન્ય કાંઠડે.
એના અસ્થિર ને જંગી વક્ષઃસ્થળતણી પરે
સત્ત્વો, બળો અને રૂપો અને ભાવો તરંગ શા
આકાર-અધિકારાર્થે ધક્કાધક્કી માંહોમાંહે કરંત ત્યાં
કાળમાં આવતાં ઊંચે, પડતાં ને પાછાં ઉપર આવતાં,
ને નિર્નિદ્ર ક્ષોભકેરે તળે જે શૂન્યતા હતી
તે હતી મા જન્મદાત્રી મથંતા ભુવનોતણી,
ભીમકાય હતું સ્રષ્ટા મૃત્યુ, એક નિગૂઢ રિક્તતા હતી,
ટકાવી રાખતાં 'તાં જે અયુક્તિક અવાજને,
ઊર્ધ્વના શબ્દને બ્હાર હરહંમેશ રાખતાં,
ગતિહીન અને પ્રશ્નોત્તરીને ઈનકારતી
અવાજો ને પ્રયાત્રાની નીચે આરામમાં પડી
તમોલીન અચિત્કેરી શબ્દહીન સંદેહાત્મકતા હતી.
અંધકાર અને જ્યોતિતણાં બે વ્યોમ-મંડળો
આત્મ-સંચારની સામે સ્વસીમાઓ વિરોધે મૂકતાં હતાં;
અનંતતા થકી આત્માકેરી ઢાંકપિછોડીમાં
                    ચૈત્ય સંચરતો હતો
જીવોકેરા અને અલ્પકાલીન ઘટનાવલી
               કેરા ભુવનની મહીં,
જ્યાં પડે મરવું સૌને જીવવા ને મરવા જીવવું પડે.
અમર્ત્ય, નવતા પામ્યે જનારી મર્ત્યતાથકી,
પોતાનાં કુંડલાકાર કર્મચક્રોમહીં એ અટતો હતો,
કે સ્વ-વિચારનાં ચક્રો ફરતો દોડતો હતો,
છતાં યે મૂળ પોતાના રૂપથી એ વધારે કૈં હતો નહીં
ને આરંભે જાણતો 'તો તેથી જ્યાદા કશુંયે જાણતો નહીં.
' અસ્તિ ' કારાવાસ, લોપ છુટકારો બન્યો હતો.

તેરમો સર્ગ સમાપ્ત